
# બનાસકાંઠાના કેદારનાથ મહાદેવ મંદિરમાં રીંછ આવતા ભાગદોડ



બનાસકાંઠા જિલ્લાના કુદરતી રમણીય પહાડોમાં આવેલ જેસોરના જંગલો માં બિરાજમાન કેદારનાથ મંદિરમાં ભક્તોનું ઘોડાપુર મહાદેવના દર્શન કરવા ઉમટે છે. કેદારનાથ મંદિર પહાડોમાં આવેલું છે તેમજ જેસોર અભ્યારણ આ મંદિર આવેલું હોવાથી અને જેસોર રીંછોનું અભ્યારણ હોવાથી અહીં અવારનવાર રીંછો વિહાર કરતા હોય છે. ત્યારે આજે અચાનક એક રીંછ મંદિરમાં આવી ચડતા લોકોના જીવ અધ્ધર થઈ ગયા હતા તેમજ પુજારી સહીતના ભક્તો સલામત સ્થળે સંતાઈ ગયા હતા. ઉલ્લેખનીય છે કે થોડા સમય પહેલા બનાસકાંઠામાં જ એક રીંછે ત્રણ લોકોના જીવ લીધા હતા જેથી આ વિસ્તારમાં અને દાંતા પંથકમાં રીંછને જોતાજ લોકોમાં ભારે ગભરાટ ફેલાઈ જાય છે જોકે મંદિરમાં આવેલું રીંછ થોડી જ વારમાં પરત જંગલ તરફ રવાના થતા લોકોએ રાહતનો દમ લીધો હતો.

# અરવલ્લી જિલ્લામાં ખેલ મહાકુંભમાં ગોઝારી ઘટના

## માલપુર પી.જી.મહેતા હાઈસ્કૂલમાં કબડ્ડી રમતા-રમતા વિદ્યાર્થી ઢળી પડતા મોત : જિલ્લામાં શોકની લાગણી

મોડાસા, તા.૨૭

ખેલ મહાકુંભ-૨૦૧૭ નો અરવલ્લી જિલ્લામાં ગુરુવારથી પ્રારંભ થયો હતો જિલ્લાની વિવિધ શાળા અને સ્કૂલોના મેદાનમાં વિવિધ રમત-ગમતની સ્પર્ધા યોજાયી રહી છે. રવિવારે સવારે ઝોન કક્ષાની કબડ્ડી માલપુરની પી.જી.મહેતા હાઈસ્કૂલના મેદાનમાં યોજાયી હતી. કાનેરા-કોયલિયા પ્રાથમિક શાળા વચ્ચે કબડ્ડીની મેચમાં કબડ્ડી રમતા-રમતા કાનેરા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતો અને ભુકાકુતરી ગામનો ૧૪ વર્ષીય વિદ્યાર્થી જયેશ હાથીભાઈ પગીચક્કર ખાઈ નીચે પડી જતા મેચ રેફરી અને શિક્ષકો દ્વારા તાબતોડ વિદ્યાર્થીને માલપુર સામુહિક આરોગ્યકેન્દ્રમાં સારવાર અર્થે ખેસેડાતા ફરજપરના તબીબે વિદ્યાર્થીને મૃત જાહેર કરતા હાહાકાર મચી ગયો હતો.





ઘટનાની જાણ માલપુર પોલીસને થતા મૃતક ખેલાડીની મૃતદેહને પી.એમ.માટે મોકલી આપી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. કબડ્ડી રમતા રમતા વિદ્યાર્થીનું મોત નિપજતા શિક્ષણ જગત સહીત અરવલ્લી જિલ્લામાં શોકની લાગણી વ્યાપી ગયી હતી.

રાજય સરકાર દ્વારા વિદ્યાર્થીઓ અને યુવાનો અને મહિલાઓમાં સુસુપ્ત અવસ્થામાં રહેલી ખેલ પ્રતિભાને બહાર લાવવા અને ખેલ પ્રતિભા ને પ્રોત્સાહન આપવા દરેક જિલ્લામાં ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવે છે ત્યારે અરવલ્લી જિલ્લામાં ખેલ મહાકુંભ ગોઝારો બનતા એક વિદ્યાર્થીનું કબડ્ડીની ચાલુ રમતે મોત નિપજતા હાહાકાર મચ્યો હતો.

સમગ્ર ઘટનાની જાણ માલપુર પોલીસ ને કરતા મૃતક વિદ્યાર્થીના મૃતદેહને પોર્ટમોર્ટમ માટે મોકલી આપી નાથાભાઈ હીરાભાઈ પગી (રહે.ભુકાકુતરી)ની જાહેરાતના આધારે આગળની કાર્યવાહી હાથધરી હતી.

કાનેરા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતો અને ભુકાકુતરી ગામનો ૧૪ વર્ષીય વિદ્યાર્થીનું કબડ્ડી રમતા રમતા આકસ્મિક મોત નિપજતા પરિવારજનો અને શિક્ષકો સહીત ગામ લોકો માલપુર સરકારી દવાખાને દોડી આવ્યા હતા અને પરિવારજનો એ આંક્રન્દ કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાયી હતી. માલપુર પંથક સહીત અરવલ્લી જિલ્લામાં શોકની લાગણી ફેલાયી હતી.

# અરવલ્લી જિલ્લા પોલીસતંત્રએ મોડાસા સહયોગ ચોકડી નજીક પદયાત્રી માટે વિસામો ઉભો કર્યો




અરવલ્લી, તા. ૨૭

અરવલ્લી જિલ્લા પોલીસ વડા કે.એન. ડામોરના માર્ગદર્શન હેઠળ જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરની સહયોગ ચોકડી નજીક આવેલી ટ્રાફિક પોલીસ ચોકી પાસે દક્ષિણ ગુજરાત તરફથી અંબાજી મંદિરે પદયાત્રાએ જતા પદયાત્રીઓ માટે વિસામો ઉભો કરી ચા-નાસ્તા અને પદયાત્રીઓને આરામ મળી રહે તેવી રાઉન્ડથી ક્લોક સુવિધા ઉભી કરવામાં આવી છે. જિલ્લા પોલીસ તંત્રના ઉમદા કાર્યને લોકોએ બિરદાવ્યું હતું.

## પ્રાંતિજના કાટવાડ પાસે અજાણ્યા વાહનની ટક્કરથી પદયાત્રિકનુ ધટના સ્થળે મોત

પ્રાંતિજ, તા.૨૭

સાબરકાંઠા જિલ્લાનાં નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના કાટવાડ પાસે વહેલી સવારે અંબાજી પગાપાળા જતાં પદયાત્રીને કોઈ અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતાં પદયાત્રીનું ધટના સ્થળે કમકમાટીભર્યુ મોત થયું હતું. ગાંધીનગર જિલ્લાના લેકાવાડાથી અંબાજી પગપાળા જતો સંધ વહેલી સવારે સાબરકાંઠા જિલ્લાનાં નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના કાટવાડ પાટીયાં પાસેથી પસાર થઈ રહ્યો હતો તે સમયે રોડની સાઈડમાં ચાલતાં વાધેલા શૈતાનસિંહ લક્ષ્મણસિંહ રહે. લેકાવાડાને કોઈ અજાણ્યો વાહન ચાલક પુરઝડપે વાહન હંકારી પાછળથી ટક્કર મારતા શરીરે વતાઓછી ઈજાઓ પહોચાડી પદયાત્રીનું ધટના સ્થળે મોત નિપજાવી વાહન લઈને ભાંગી ગયો હતો જયારે વાધેલા શૈતાનસિંહ લક્ષ્મણસિંહને ૧૦૮ માં હિંમતનગર સિવિલ ખાતે લઈ જવામાં આવ્યા હતાં પણ હાજર તબીબીએ મૃત જાહેર કર્યા હતા.

# દાંતીવાડાની બીકે જૂથ યોજનાની પાઈપ લાઈન પૂરના લીધે તૂટતાં પ્રજા પીવાના પાણીથી વંચિત

## સિંચાઈ વિભાગના અધિકારીઓની પાઇપ રીપેરીંગ કરવામાં લાપરવાહી

પાલનપુર, તા.૨૭

બનાસકાંઠા જિલ્લામાં આવેલા પુર પ્રકોપમાં ભારે તારાજી સર્જાઈ હતી જે દરમિયાન દાંતીવાડામાં ૨૦ ફૂટ ઊંડે સુધી નાખેલી પીવાના પાણીની પાઈપલાઈનો પણ તણાઈ જતા જિલ્લાના ૮૦ ગામોમાં પીવાના પાણીની તંગી સર્જાઈ છે. જોકે એક મહિનાથી પણ વધારે સમય વીતી જવા છતાં પણ પાઈપ લાઈન રીપેર ન થતા લોકો પાણી માટે વલખાં મારી રહ્યા છે



બનાસકાંઠા જિલ્લામાં એક મહિના અગાઉ આવેલા વિનાશક પુરના કારણે સર્વત્ર જળબંબાકાર ની સ્થિતિ સર્જાઈ હતી. પીવાના પાણી માટે ટળવળતા આ જિલ્લાના લોકો પાણીના નામથી પણ કંપવા લાગ્યા હતા. પુર પ્રકોપમાં લોકોની તારાજીની સાથે સાથે સરકારી ચીજવસ્તુઓ પણ ભારે નુકશાન થવા પામ્યું હતું.

બનાસકાંઠામાં દાંતીવાડા પાસે આવેલી બીકે જૂથ યોજનાની પાણીની પાઈપો પણ આ પ્રવાહ માં તણાઈ ગઈ હતી. ૨૦ ફૂટ ઊંડે નાખવામાં આવેલી વજનદાર પાઈપો પણ પાણી ન ધસમસતા પ્રવાહ માં તણાઈ જતા ૮૦ ગામોમાં પીવાના પાણી નો પ્રવાહ બંધ થઈ જતા આ વિસ્તારોમાં પાણી ની તંગી સર્જાઈ હતી. જો કે એક મહિના જેટલો સમય વીતવા છતાં હજુ સુધી આ પાઈપોનું રીપેરીંગ કામકાજ પૂર્ણના થતા કેટલાય ગામોમાં પીવાનું પાણીના મળતા લોકો ને હાલાકી ભોગવવી પડી રહી છે.

બનાસકાંઠા જિલ્લામાં આવેલા ભારે વિનાશક પુર માં તાબાહીથી દાંતીવાડા જળાશય યોજના પણ બાકાત રહી નથી.અને દાંતીવાડા પાસે લગભગ ૧૦ કિલોમીટર સુધીની તમામ પાઈપોનો નાસ થઈ જતા તંત્રે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી છે.

છેલ્લા એક મહિનાથી પાણી પુરવઠા ની ટીમે અંદાજે ૧૦ કરોડના ખર્ચે કાર્યવાહી હાથ ધરી છે અને વહેલી તકે પાણીની સમસ્યા હલ થઈ જશે તેમ પાણી પુરવઠાના અધિકારીએ જણાવ્યું હતું.

જોકે દસ કિલોમીટર લાંબી પાણીની પાઈપોમાં ભંગાણ પડતા રીપેરીંગના કામમાં પણ અનેક અડચણો આવી રહી છે ત્યારે હવે જોવાનું એ રહ્યું કે પાણી પુરવઠા વિભાગ દ્વારા કેટલી ઝડપે રીપેરીંગ કરીને લોકોને પાણી પૂરું પાડવામાં આવે છે.

# પાલનપુર સિવિલમાં રાષ્ટ્રીય સમુહગાન સ્પર્ધા યોજાઈ



પાલનપુર, તા.૨૭

એકબાજુ સ્વાઈનફ્લૂએ રાજ્યભરમાં કહેર મચાવ્યો છે. ત્યારે બીજીબાજુ સ્વાઈન્ફલૂની દહેશત વચ્ચે પાલનપુર સિવિલમાં છાત્રોના જાહેર આરોગ્ય સાથે ખિલવાડ કરતો કાર્યક્રમ યોજવા માં આવ્યો હોવાની રાવ ઉઠી છે.

સરહદી બનાસકાંઠા જિલ્લામાં સ્વાઈનફલૂની દહેશત વચ્ચે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં રાષ્ટ્રીય સમૂહ ગાન સ્પર્ધા કાર્યક્રમ યોજાયો હતો. સિવિલના હોલમાં યોજાયેલા આ કાર્યક્રમમાં વિવિધ શાળાના બાળકોએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં ભાગ લેવા આવેલા એકપણ છાત્ર કે આયોજકના મોઢા પર માસ્ક જોવા મળ્યો ન હતો.

સિવિલમાં હાલમાં ૪ પોઝેટીવ અને ૧૧ શંકાસ્પદ દર્દી સારવાર લઈ રહ્યા છે. ત્યારે સ્વાઈન્ફલૂના કહેર વચ્ચે સિવિલ કેમ્પસમાં કાર્યક્રમ યોજવાની મંજૂરી સામે પણ સવાલો ઉભા થયા છે. સ્વાઈન્ફલુની દહેશત તળે કોઈપણ જાતના તકેદારીના પગલાં ભર્યા વિના બાળકોના આરોગ્યના જોખમે યોજાયેલા કાર્યક્રમને પગલે આરોગ્ય તંત્ર સહિત પ્રશાસન અને આયોજકો ની લાપરવાહી ચર્ચાની એરણે ચડી હતી.

## ખેલ મહાકુંભમાં તાલુકા કક્ષાએ માથાસુલિયા પ્રા. શાળાની બહેનોની કબડ્ડીની ટીમ વિજેતા

મોડાસા, તા. ૨૭

ખેલમહાકુંભ-૨૦૧૭ અંતર્ગત મોડાસા તાલુકા કક્ષાએ યોજાયેલ વિવિધ સ્પર્ધાઓમાં માથાસુલિયા પ્રા. શાળાની (અંડર-૧૪) કબડ્ડી સ્પર્ધામાં વિજેતા બની હતી. કબડ્ડીની સ્પર્ધામાં તાલુકા કક્ષાએ વિજેતા બનવા બદલ શાળાના મુ. શિ. અને સ્ટાફે ખેલાડીઓને અભિનંદન આપ્યા હતા. કબડ્ડી બહેનોની રમતનું કોચીંગ શાળાના ઉ. શિ. રણજીતકુમાર વણકરે કરાવ્યું હતું.

## સ્વાઈન ફલૂના કહેર વચ્ચે આરોગ્ય મંત્રી પાલનપુર સિવિલની મુલાકાતે



પાલનપુર, તા.૨૭

રાજ્ય મા સ્વાઈન ફલૂ ની દહેશત છે ત્યારે બનાસકાંઠા ના વધુ એક દર્દી નું સ્વાઈન ફલૂ થી મોત થતા આરોગ્ય મંત્રી શંકર ચૌધરી પાલનપુર સિવિલમા દોડી ગયા હતા. અને સ્થિતિ ની સમીક્ષા કરી હતી. ત્યારબાદ મંત્રી અંબાજી જવા રવાના થયા હતા.

બનાસકાંઠા મા સ્વાઈન ફલૂ ના કહેર ને લીધે અત્યાર સુધી ૧૩ લોકો ના મોત થઈ ચૂક્યા છે અને અનેક લોકો સારવાર લઈ રહ્યા છે.ત્યારે રાજ્ય આરોગ્ય મંત્રી શંકર ચૌધરી પાલનપુર સિવિલ માં દોડી આવ્યા હતા અને જિલ્લા આરોગ્ય અધિકારી સાથે સ્થિતિ ની સમીક્ષા કરી હતી જોકે અંબાજી મા ભાદરવી નો મહા મેળો નજીક આવી રહ્યો છે ત્યારે મંત્રી પાલનપુર બાદ અંબાજી જવા રવાના થયા હતા અંબાજી મા મંત્રી કલેકટર અને આરોગ્ય વિભાગ સાથે સ્વાઈન ફલૂ ને લઈ ચર્ચા કરશે

ભાદરવી ના મહા મેળા મા ૩૫ લાખ જેટલા યાત્રાળુ આવનાર છે ત્યારે મંત્રીએ ભક્તોને સૂફીયાની સલાહ આપી છે.જે લોકોને શરદી ખાંસી હોય તે અંબાજી ન જાય એવો સંદેશ મંત્રી એ આપ્યો છે.જોકે મંત્રી ના નિવેદન પર થી લાગી રહ્યું છે કે રાજ્ય આરોગ્ય વિભાગ અંબાજી મા યાત્રાળુ ઓ ના આરોગ્ય નીપરીસ્થીતી ને પહોંચી વળવા સક્ષમ નથી.

# બાયડ ખાતે ત્રિદિવસીય ગણેશ મહોત્સવ બાદ વિસર્જન કરાયું

## ઢોલી અને જગન્નાથ મંદિરના અખાડા આકર્ષણનું કેન્દ્ર : વિસર્જન યાત્રા અગાઉ ધ્વજવંદન યોજાયું



બાયડ, તા.૨૭

સમગ્ર દેશ માં હાલ ગણપતિ મહોત્સવ ની ધામધૂમ પૂર્વક ઉજવણી થઈ રહી છે ત્યારે અરવલ્લી જિલ્લા ના બાયડ માં આજે ત્રિદિવસીય ગણેશ મહોત્સવ ની વિસર્જન કાર્યક્રમ યોજાયો હતો આ ગણેશ વિસર્જન માં બાયડ ના ધારાસભ્ય મહેન્દ્ર સિંહ ખાસ ઉપસ્થિત રહ્યા હતા ભગવાન ગણપતિ ની વિસર્જન સમયે તેઓએ આરતી ઉતારી હતી ત્યારબાદ ધનસુરા રામજી મંદિર ના મહંત દ્વારા ભગવાન ના રથ પર રાષ્ટ્રધ્વજ ફરકાવી રાષ્ટ્રગીત સાથે સલામી આપવા માં આવી હતી ભગવાન ગણેશ ની શોભાયાત્રા માં ખાસ નડીઆદ થી ઢોલી બોલાવવા માં આવ્યા હતા તેમજ અમદાવાદ જગન્નાથજી મંદિર થી અખાડીયાનો બોલાવવા માં આવ્યા હતા આ અખાડીયાનો દ્વારા અવનવા દાવ અને જીવસટોસટ ના પ્રયોગો દર્શાવવામાં આવ્યા હતા જે આજની બાયડ ની શોભાયાત્રા માં ખાસ આકર્ષણ નું કેન્દ્ર રહ્યું હતું સમગ્ર યાત્રા દરમિયાન યુવક મંડળ ના સદસ્યો એ ગણપતિ બાપા મોરિયા ના નારા લગાવ્યા હતા અને સમગ્ર વાતાવરણ ભક્તિ સભર બનવા પામ્યું હતું આમ બાયડ નગર માં આજે ભગવાન ગણપતિ નું હર્ષ અને ઉલ્લાસ સાથે વિસર્જન કરવા માં આવ્યું હતુંઆજ રોજ બાયડ મુસ્લીમ સમાજ દ્વારા હિન્દુ મસ્લિમ અકેતા ના ભાગ રૂપે ગણેશ વિસર્જન વખતે બાયડ મુસ્લિમ ગૌસિય જમાત ના પ્રમુખ ગુલામનબી મલેકઅને ઉપ પ્રમુખ અહેમદખાન બલોચ મુસ્લિમ સમાજ ના ગામ ના આગેવાનો અને મુસ્લિમ યુવાઓ દ્વારા સરબત નું વિતરણ અને ગણેશ જી ની મૂર્તિ ની ફૂલો થી વધાવી સમગ્ર હિન્દુસ્તાન માં એકે ભાઈ ચારા નો સંદેશો આપવા આવ્યો અને હિન્દુ ભાઈઓ તથા બહેનો એ મુસ્લિમ ભાઈઓ નો આભાર માન્યો.

## અરવલ્લી જિલ્લાના ભાજપના મહિલા મોરચાના પ્રમુખપદે જલ્પાબેન ભાવસાર

અરવલ્લી, તા. ૨૭

સમગ્ર રાજયમાં વિધાનસભાની ચૂંટણીના પડધમ વાગી રહ્યાં છે. ત્યારે રાજકીય પાર્ટીઓમાં ચહલપહલ વધવા પામી છે. ત્યારે અરવલ્લી જિલ્લા ભાજપના પ્રમુખ રણવીરસિંહ ડાભીની સુચનાથી વિવિધ મોરચાના હોદ્દેદારોની નિમણૂંક થઈ છે.

જેમાં અરવલ્લી જિલ્લાના મહિલા મોરચાના પ્રમુખ તરીકે મોડાસા નગરપાલિકાના કોર્પોરેટર જલ્પાબેન મેહુલકુમાર ભાવસારની વરણી કરાઈ છે.

જેને મોડાસા શહેર ભાજપ પ્રમુખ જગદીશ ભાવસાર, મોડાસા નગરપાલિકા પ્રમુખ વનીતાબેન પટેલ, મોડાસા ભાવસાર સમાજના પ્રમુખ હર્ષદભાઈ ભાવસારે આવકારી અભિનંદન પાઠવેલ છે.

# મટોડા દૂધ મંડળીમાં ડોગ સ્કવોડ દ્વારા તપાસ

ખેડબ્રહ્મા, તા. ૨૭

ખેડબ્રહ્મા તાલુકાના મટોડા ગામની દૂધ ઉત્પાદક મંડળીમાં શુક્રવાર રાત્રીના ચોર ઈસમો જાળીનું તાળુ તોડી સેક્રેટરી અને વેચાણ ક્લાર્કની રૂમમાંથી રૂ. ૫૫ હજારની ચોરી કરી પલાયન થઈ ગયા હતા.



જે સંદર્ભે રવિવારના સાંજના સમયે હિંમતનગર ડોગ સ્કવોડ દ્વારા મોટાડા દૂધ મંડળીમાં તપાસ હાથ ધરતા ડોગ મંડળીમાંથી બહાર નીકળી રોડ ઉપર જ થંભી ગયો હતો. જેથી ડોગ સ્કવોડની ટીમ પરત ફરી હતી.

## તલોદ ઉજડીયા રોડ પર દાદાનો વિસામો

પ્રાંતિજ, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લાના તલોદ ઉજડીયા રોડ પાસેથી ભાદરવી પૂનમે મા જગદંબાના ચરણોમાં શિષ ઝુકાવવા મોટી સંખ્યામાં માઈ ભક્તો પદયાત્રાએ નિકળ્યા છે. ત્યારે પદયાત્રીઓની સેવા માટે પણ ઠેર ઠેર વિસામા શરૂ થયા છે. ત્યારે તલોદ ઉજડીયા રોડ ઉપર આવેલ દાદાનો વિસામો એ પદયાત્રીઓ માટે ખરેખર વિસામો બન્યો છે.

તલોદ ઉજડીયા રોડ ઉપરથી રોજના હજારો પદયાત્રીઓ પગપાળા સંઘ કે સાયકલ ઉપર પસાર થતા માઈ ભક્તો માટે સ્વ. હરિકૃષ્ણ એચ. રાવલ પીઢ પત્રકાર પરિવાર તરફથી ચા-નાસ્તો જમવા સાથે મેડિકલ જેવી સુવિધાઓ પુરી પડાતા ત્યાંથી પસાર થતાં હજારો લોકો પ્રસાદ લઈ હાશકારો અનુભવે છે. અને દાદાનો વિસામા ઉપર બધીજ પ્રાથમિક સુવિધાઓ સહિતની સગવડ મળી રહેતા પદયાત્રીઓ બે ઘડી માટે બેસીને હાસકારો અનુભવી પ્રસાદ લઈને ભજન કિર્તન પણ કરે છે અને આગળ પ્રસ્થાન કરે છે. જ્યારે છેલ્લા ત્રણ વર્ષથી રાવલ પરિવાર દ્વારા પોતાના ખેતરમાં પદયાત્રિકો માટે વિસામો બનાવી પરિવાર સાથે સેવાઓ પણ આપે છે અને મા જગદંબાના આશીર્વાદ પ્રાપ્ત કરે છે.